July 2026

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 21 • Issue 10 / 245
• Mumbai • Page 36 • Price Rs. 2/-
• PRGI. Regd. No. MAHGUJ/2006/18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • Email : patanmandal@gmail.com • www.patanmandal.org



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)



**મારા વહાલા સ્નેહીજનો,**
**પ્રણામ!**

**મારા વ્હાલા સ્નેહી સ્વજનો આપ સહુ પાસે આ મુખ્ય પત્ર આવશે ત્યાં સુધી બધાની ચાતુર્માસની આરાધનાનો પ્રારંભ થઈ ગયો હશે.**

**મિત્રો! પ્રેમ કરતા શિખવાડે એવી કોઈ પાઠશાળા નથી. સંવેદના સજીવ કરે એવી કોઈ સ્કૂલ નથી. આત્મીયતાને ઉજાગર કરે એવી કોઈ યુનિવર્સિટી નથી. પણ જીવતાં તો જિંદગી જ શીખવે છે. દિલાવરી માટે ધનવાન હોવું જરૂરી નથી. દિલાવરી માટે દિલની જરૂર હોય છે. દોલતની નહીં. દાન માટે મન મોટું હોવું જોઈએ, ધનવાનની નહીં. માયાળુ જિગર હોવું જોઈએ.**

મારે આજે સમાજની સામે એક ઉત્તમ અને સંસ્કારીક દાખલો આપવો છે, આપ સહુ આ જાણીને જરૂરથી સમજી જશો કે ક્યારેક નાનકડી મીણબત્તીનો પ્રકાશ પણ કેટલો બધો ઉજાસ આપે છે. વાત એમ છે કે; 'આપણા સમાજના એક બહેન **શ્રીમતી નલીનીબેન નવીનચંદ્ર હિરાલાલ શાહ - રતનનગર (વખતજીની શેરી)નું** તાજેતરમાં અવસાન થયું. તેમના જમાઈ **શ્રી પિયુષભાઈ ચીનુભાઈ શાહ - વિલેપાર્લા (વે) (તંબોલીવાડો)** તેમની સાસુનો રતનનગરનો ફ્લેટ વેચ્યો એમાંથી તેઓએ **રૂા. ૧૫ લાખ** શ્રી પાટણ જૈન મંડળની ચાલતી વિવિધ પ્રવૃત્તિઓમાં **દાન સ્વરૂપે આપ્યા. રૂા. ૧૧ લાખ જીવન નિર્વાહ, રૂા. ૨ લાખ મેડિકલ ખાતે અને રૂા. ૨ લાખ અનાજ વિતરણમાં...** બાકીના રૂપિયા અન્ય ધર્માદા ક્ષેત્રમાં વાપર્યા.' શ્રી પિયુષભાઈ જ્યારે મને મળવા આવ્યા ત્યારે મારી સાથે વાત કરતાં કરતાં **શ્રી પાટણ જૈન મંડળ તરફથી ભૂતકાળમાં શ્રીમતી નલિનીબેને જે સહાય લીધી હતી. તેનું ઋણ ચૂકવવાની સંવેદના બતાવી. આ સંસ્થાએ મારી સાસુને જીવનભર સાચવ્યા છે તેથી મારી ફરજ છે કે મારે પણ સંસ્થાનું ધ્યાન રાખવું જોઈએ.**

શ્રી પિયુષભાઈએ હૃદયના ભાવ સાથે શ્રી પાટણ જૈન મંડળ સંસ્થા માટે જે ભાવના બતાવી અને જે લાગણીસભર વાતો કરી તે સાંભળીને હું ગદગદ થઈ ગયો. **મને લાગ્યું કે આ જ આપણી માતૃભૂમી છે જે માતા-પિતાનું ઋણ ચૂકવે છે. આ છે એક સાચા જૈનના સંસ્કાર.** આપણે સહુએ **શ્રી પિયુષભાઈના વિચારોને અપનાવી સંસ્થા પ્રત્યેનું ઋણ ચૂકવી, સહાય કરતા રહેવું જોઈએ શ્રી પાટણ જૈન મંડળના સમગ્ર પરિવારો તરફથી શ્રી પિયુષભાઈનો આભાર અને અનુમોદના...**

**વિલેપાર્લા વેસ્ટ, બાજાજ રોડ ખાતે અમારુ જૂનુ નિવાસસ્થાન મોહનવિલા હતું, તેમાં એક મહાદેવનું મંદિર જિર્ણશિર્ણ હાલતમાં હતું. તે પરમાત્માની અસીમ કૃપાથી સ્વ દ્રવ્યથી ૩૦૦ ફુટ જગ્યામાં આરસપહાણ પત્થરોથી શિખરબંધ મંદિર બંધાવી સોસાયટીને અર્પણ કર્યું, જેની સોસાયટીના લોકોએ અહો સુંદરમે.... અહો અદ્‌ભુતમ કહીને અનુમોદના કરી.**

Cont. page 2

સૌરભ મેડિકલ હેલ્થ કેર સેન્ટરની ૫૫૦૦ સ્કે.ફુટ જગ્યાનું પઝેશન મળી ગયું હોવાથી ત્યાં ફર્નિચરનું કામ ચાલુ થઈ ગયું છે. તેમજ અન્ય મશીનરીઓ અને સામાન શિફ્ટીંગનું કામ પણ ચાલું છે, દશેરાના શુભ દિવસે ઉદ્ઘાટન કરવાની ભાવના છે. શ્રી પાટણ જૈન મંડળ પ્રથમ ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઈ સાલવીના** નેતૃત્વમાં આ પ્રોજેક્ટની ડિઝાઈનનું કામ પૂરુ થઈ ગયું છે. આ નવા સેન્ટરમાં શાનદાર રીતે **ઈનોગ્રેશન - શુભ ચોઘડિયામાં** કરવાનો પ્લાન છે, બસ! **પરમાત્માને પ્રાર્થના કરીએ કે ધાર્યા મુજબ સફળતા મળે અમારા બધાના પ્રયત્નો અને પુરુષાર્થ ચાલુ જ છે.**

સૌરભ મેડિકલ - પા... પા... પગલી ભરતા ભરતા ચોથા વર્ષમાં પ્રવેશ કરશે. જેનો અત્યારે લોકો સારી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. એવરેજ રોજના **૮૦ જેટલા પેશેન્ટો** રીપોર્ટ કઢાવવા આવે છે. અમારી ધારણા છે કે નવા સેન્ટરમાં પહોંચતા સુધીમાં લગભગ **૧૦૦ પેશન્ટોની** સંખ્યા જરૂર થશે. **World Best** મશીનો છે સ્ટાફ, ડોક્ટરો તથા આપણા જ સમાજના **શ્રી અશોકભાઈ શાહ, શ્રી મિલનભાઈ, શ્રી નિગ્નેશભાઈ, શ્રી કમલેશભાઈ** વગેરે મિત્રો દરરોજ સવારે ઓનરરી સેવા આપે છે, તેઓનો આભાર માનું છે.

મિત્રો, આપણા પાટણ સમાજના બિઝનેસ ક્લાસના વેપારીઓ તથા કોર્પોરેટ કંપનીઓને ખાસ વિનંતી કરું છું કે આપ સહુ આગળ આવો આપને ત્યાં કામ કરતા કર્મચારીઓના રીપોર્ટ્સ આપની જ ઓફિસમાં આવીને **Door to Door Service** મળશે. આ ધ્યાનમાં રાખીને સૌરભ મેડિકલ સેન્ટરની પ્રગતિમાં સાથ આપો. આપણા પ્રથમ ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઈ સાલવીનો** આભાર માનીએ. તેઓએ આ લાભ તેમની ઓફિસના સ્ટાફ માટે લીધો છે. આપણા સમગ્ર પાટણ જૈન મંડળના પરિવારોએ તો ખાસ ધ્યાનમાં રાખીને આ સેવાનો લાભ લેવો જોઈએ. તમારી આજુબાજુમાં રહેતા લોકોને પણ તમે માર્ગદર્શન આપી શકો છો. જો પાટણ સમાજનો દરેક પરિવાર **'સાથી હાથ બઢાના'** સૂત્રને યાદ રાખી સાથ-સહકાર આપશે તો મને ખાતરી છે કે **''શ્રી પાટણ જૈન મંડળ''નું** નામ અન્ય સમાજોની વચમાં પ્રથમ સ્થાન મેળવશે.

આપણી પાસે **SMHC NABH Certificate & World Best મશીનો છે. ડોક્ટરો, સ્ટાફ, CEO** બધાજ પ્રમાણિકતાથી સેવા આપે છે. **CMC વેલોર - India Best Hospital** સાથે **Tieup** કર્યું છે. છેલ્લા એક વર્ષથી આપણને **CMC વેલોર** તરફથી **Best system** મુજબ **'A' ગ્રેડ** મળ્યો છે.

**ટી.ડી.એસ.વી. હાઈ સ્કુલ, પાટણ ખાતે નવમી જૂનથી** ચાલુ થઈ ગઈ છે. આ વર્ષે સ્કૂલમાં ટોટલ **૫૮૦ વિદ્યાર્થિઓ** ભણી રહ્યા છે. એસ.કે. બાલમંદિર અને કેજીના નાના બાળકો પણ આપણી જ સ્કૂલમાં સવારના ટાઈમ સ્લોટમાં ભણી રહ્યા છે. આપણા માટે ગૌરવ લેવા જેવી બાબત એ છે કે **૧૩ એકરના સંકુલમાં નર્સરીથી લઈને પોસ્ટ ગ્રેજ્યુએટ** સુધીનું શિક્ષણ વિદ્યાર્થીઓને મળી રહ્યું છે. આપણુ પરિસર ખરા અર્થમાં **સરસ્વતીધામ બન્યું છે.** જેમાં **૪૦૦૦ વિદ્યાર્થીઓ** પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી રહ્યા છે. શ્રી પાટણ જૈન મંડળની આન-બાન ને શાન સમી આ સ્કૂલ માટે ગૌરવની લાગણી થાય છે.

લોનાવાલા ખાતે મોસમનો પહેલો વરસાદ એક જ દિવસમાં ૨૭ ઈંચ અને ૪ દિવસમાં ૬૫ ઈંચ વરસી ગયો. તેમ છતાં પરમાત્માની કૃપાથી આપણા પ્લોટમાં, પ્લીન્થ લેવલથી ૧.૫ ફૂટ પાણી નીચે હતું. તેથી ખાસ વિશેષ તકલીફ પડી નથી. પરંતુ વરસાદની ઋતુ હોવાથી કામ થોડું ધીમું ચાલશે. પરંતુ શ્રદ્ધા રાખીએ છીએ કે, શ્રી શંખેશ્વર દાદાની કૃપાથી નિર્ધારિત સમયે કામ પુરૂ થઈ જશે.

**૧૧૪ વર્ષની યાત્રા શ્રી પાટણ જૈન મંડળમાં** સમાજના અગ્રણી દાતાઓ તન,મન,ધનથી સમાજની પ્રગતિમાં સાથ-સહકાર આપી રહ્યા છે, તે બહુ જ આનંદની વાત છે. આપણા સમાજના માનભેર અગ્રસ્થાન ધરાવતા ડોક્ટરો **Phd. CA, Industrialist** વિગેરે નામાંકિત મહાનુભાવોને ''**AN Excellency Awards**'' થી નવાજવા માટેનો એક કાર્યક્રમ કરવાનો પ્લાનીંગ છે. સંપૂર્ણ તૈયારી સાથે 'પ્રતિબિંબ'ના ઓગસ્ટ અંકમાં વિગતવાર માહિતી આપવામાં આવશે.

પર્યુષણ પર્વની ઉજવણી બાદ તા. **૨૬/૨૭ સપ્ટેમ્બર, નહેરુ સેન્ટર, વર્લી ખાતે બે દિવસનું ''ટ્રેડફેર'' નું આયોજન** કરવામાં આવ્યું છે. પ્રતિબિંબમાં વિગતવાર માહિતી આપવામાં આવી છે, 'વહેલા તે પહેલા'ના ધોરણે બુકીંગ કરાવી લેશો.

આપણા સમાજમાં ઘણા **Talented, Qualified, Successful Youngster** છે પરંતુ એકબીજા સાથે **Contect Network** અને **Growth** કરવા માટે કોઈ કોમન પ્લેટફોર્મ નથી. આ જ વિચારને સાકાર કરવા માટે શ્રી પાટણ જૈન મંડળ શરૂ કરી રહ્યું છે, **Patan Jain nextgen wing** જે ૨૦ થી ૪૫ વર્ષના **Bachelors, Married Youth & Young Couple** એક આધુનિક પ્લેટફોર્મની વિગતો અંદરના પેજમાં વિઝન અને મિશન સાથે આપવામાં આવી છે, સૌ કોઈએ આનો લાભ લઈને ઉજ્જવળ ભવિષ્ય ઉપર આગળ વધી શકે.

**''શુભમ કરોતિ કલ્યાણમ્'' ની ભાવના સાથે....**

**સંસ્થાની પરંપરા અને સંસ્કારની સુવાસ**



# મંઝિલ સુધી પહોંચવાનો રસ્તો ક્યા છે ?

## તંત્રી સ્થાનેથી...

**ભારતી શાહ**



પ્રિય મિત્રો !
પ્રણામ

એક અજ્ઞાત કવિની પંક્તિઓ છે :- **''પગલું ભરતા માનવી, કરું પહેલો વિચાર,**
**ક્યાંથી આવ્યો હું, ને ક્યાં જવું છે મારે...''**

આ પંક્તિઓમાં પ્રગાઢ તત્વજ્ઞાન સમાયેલું છે.

દરેક વ્યક્તિ, દરેક યુવાન માટે આ એક મોટી ચેતવણી છે. **''પગલું ભરતા માનવી, કર પહેલો વિચાર, માણસનું એક સાચું કદમ એને આબાદ કરી શકે અને એક ખોટું પગલું એની સમગ્ર જિંદગીને બરબાદ કરીને નીચે ધકેલી દે.''**

કંઈક કેટલાંયે પુણ્ય કર્યા હશે કે માનવી તરીકેનું જીવન અણમોલ પરમાત્માની ભેટ સ્વરૂપે મળ્યું છે. ત્યારે આપણે સમજી લેવું ખૂબ જ જરૂરી છે કે જિંદગી આડેધડ વેડફી નાખવાની એક તુચ્છ વસ્તુ નથી. આ એક અણમોલ તક છે, જેમાં જીવનની ચાલ અને તાલ વચ્ચે સંવાદિતા અને સમતુલા રાખીને જીવન સાર્થક બનાવી શકાય છે. જે ભવિષ્યનો વિચાર કર્યા સિવાય ખોટા પગલા ભરે છે, અવળા માર્ગે ચાલે છે તેને પસ્તાવાનો વારો આવે છે.

પ્રત્યેક વ્યક્તિએ **'આજ'નો વિચાર સૌ પ્રથમ કરીને જ 'આવતી કાલ'ની સંભાવના લક્ષમાં રાખી કદમ ઉઠાવવું જોઈએ.** જીવનમાં સારું કરવું હોય તો સાહસ, દીર્ઘદ્રષ્ટિની સમયની નાડ અને ચાલ પારખવાની આવડત હોવી જોઈએ આના વગર તો સાહસ હાંસીપાત્ર બને.

**સેક્સપિયરની** એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે, **''દરેક માણસે પોતાની મંઝિલ સુધી સફળતાપૂર્વક પહોંચવા માટે ''શા માટે'' સાથે ''કયા કારણે''ની વાત યાદ રાખવા જેવી છે.''** એક કાર્યને જ્યાં સુધી સંપૂર્ણ ન્યાય આપી ન શકીએ તે પહેલા બીજા કામો માટે હવાતિયા ન મરાય. શરીરમાં થયેલા મોટા જખ્મોની સારવાર જો તાત્કાલિક કરવામાં ન આવે તો અનેક પ્રકારની નવી સમસ્યાઓ સર્જાય. એમ કેટલાંક કાર્યો એવા હોય છે તેમાં **'પછીથી'ની** વાતને સ્થાન જ નથી. પ્રત્યેક કાર્ય જો પ્રમાણિકતા, નિષ્ઠાપૂર્વક કરવામાં આવે તો એ કાર્ય સફળતાની સાથે સાથે માણસની પ્રતિષ્ઠામાં વધારો કરશે.

જ્યારે એમ લાગે કે કામ ખૂબજ છે અને સમય ઓછો છે ત્યારે તે કામોનું આયોજન કરવું જરૂરી છે. આવા સંજોગોમાં ધૈર્ય રાખીને જે કામની સૌથી વધારે પ્રથમ આવશ્યકતા છે તેને અગ્રિમતા આપી પહેલાં પૂરું કરવું અને બાકીના કામો ઈશ્વર પર છોડી દેવા બીજે દિવસે ક્રમશઃ કામ પૂરા થઈ જશે જો તેમાં આળસ અને બેદરકારીને સ્થાન ન હોય તો.

**માણસને કામ પતાવવાની જેટલી આવડત છે, તેટલી આવડત કામ દીપાવવા માટે નથી. કામમાં 'ચાલશે'ના બહાનાને જીવનમાં સ્થાન ન જ અપાય.**

**જે.પી. વાસવાણીએ** એક વાર્તા કહી છે, **''તમારામાં છૂપાયેલા ખજાનાની ભાળ.''**

એક ઈઝિક નામનો ફકીર હતો એક રાત્ર એક પરી તેના સ્વપ્નમાં આવી અને ઈઝિકને કહ્યું; ''પ્રાગમાં રાજાના મહેલ તરફ જતાં પુલની નીચે ખજાનો દટાયેલો છે તે તું મેળવી લે.'' આ સપનું એને સતત ત્રણ રાત સુધી આવ્યું એટલે ઈઝિકે તેના પર વિચાર કરી અમલમાં મૂકવા પ્રાગ જવા ઉપડ્યો. મનમાં એક નિશ્ચય કર્યો કે ખજાનો તો પોતે જ મેળવશે.

જ્યારે તે સ્વપ્નમાં વર્ણવેલા પુલ નજીક પહોંચ્યો તો ખૂબ નિરાશ થઈ ગયો કારણકે તે પુલ ઉપર સતત ચોકી કરતા સૈનિકો આમ તેમ ચોકી કરી રહ્યા હતા. જો તે પુલ નીચે જાય તો સૈનિકો તેને તરત પકડી લે.

છતાંયે ઈઝિકે રાહ જોવાનું નક્કી કર્યું સવારથી રાત સુધી તે પણ ત્યાં આંટા મારતો રહ્યો મોડી રાત્રે એને એકલો જોઈને ચોકીદારનો સરદાર તેની પાસે આવ્યો અને સહાનુભૂતિપૂર્વક તેને પૂછ્યું, ''શું વાત છે ? કાંઈ તકલીફ છે ભાઈ ? તમે આખો દિવસ અહીં ફર્યા કરો છો હું કાંઈ મદદ કરી શકું તેમ હોય તો મને કહો.''

ચોકીદારના સરદારનું સહાનુભૂતિ ભરેલું વલણ જોઈ ઓલિયો ઈઝિક ભોળવાઈ ગયો અને તેણે પોતાને આવેલા સ્વપ્નની વાત સરદારને કહી દીધી..

ઈઝિકની વાત સાંભળી સરદાર હસી પડ્યો તેણે ઈઝિકના ખભે હાથ મૂકીને કહ્યું, ''તારા સ્વપ્નને સાકાર કરવા તે તારા

Cont. page 4

પગરખાને ઘસી નાખ્યા અને કાક્રોવ ગામથી તું છેક પ્રાગ સુધી આવ્યો મને જો આવું સ્વપ્ન આવ્યું હોત તો હું કાક્રોવા જાત, જ્યાં એક યહૂદી ઓલિયો ઈઝિક રહે છે, જેના રસોડાની સગડી નીચે ખજાનો છે જે મેળવવાનો હું પ્રયત્ન કરત.''

ઈઝિકે સરદારનો આભાર માન્યો પણ તે બોલ્યો નહીં કે તે પોતે જ ઓલિયો ઈઝિક છે! ઘેર આવી તેણે રસોડાની સગડી નીચે ખોદકામ કર્યું તો સાચેજ ખજાનો ત્યાં હતો. ખજાનાના નાણાંથી તેણે એક દેવળ બંધાવ્યું અને રોજ પ્રાર્થના કરતો કે **''હે પ્રભુ! ખજાનો તો મારા ઘરમા જ હતો, જે મેળવવા તે મને મદદ કરી તે બદલ તારો આભાર.''**

સાચી મંઝિલ સુધી પહોંચવા માટે નવી દ્રષ્ટિ કેળવવાની છે. જ્યારે આપણને જે કાંઈ જોઈએ છે તે તો આપણી નજીક, આપણી અંદર જ પડેલું છે. **પ્રત્યેક કદમ, પ્રત્યેક ડગલાનું એક આગવું મહત્વ હોય છે** પણ એ કદમ ઉપાડતા પહેલા જ પૂર્ણ વિચાર અને કોઠાસૂઝ નું બળ પ્રાપ્ત થવું જોઈએ.

સકારાત્મક અભિગમ હશે તો મંઝિલ તમારી પાસે જ છે. જીવન એ અવિરામ યાત્રા છે જેમાં રોકાઈને બેસી રહેવાને સ્થાન નથી મંઝિલ સુધી પહોંચવા મુસાફર બનીને, રસ્તાના જાણકાર બનીને એક ધ્યેય સાથે ચાલવાનું નક્કી કરો. મંઝિલ સામે જ દેખાશે.



**– અસ્તુ –**

## લોનાવાલા ખાતે નવગ્રહ જિનાલય માટે દેવદ્રવ્યના લાભાર્થી

| | |
|---|---|
| ❖ શ્રી મરીનડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ | રૂા. ૧.૦૮ કરોડ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય-મોટા દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ - રતન નગર | રૂા. ૨૭ લાખ |
| ❖ સ્વ. શ્રી વિનોદભાઈ નેમચંદ શાહ, હ. શ્રીમતી રેખાબેન વિનોદચંદ્ર શાહ (વખતજીની શેરી) | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટી ટ્રસ્ટ (વિલેપાર્લા ઈસ્ટ-વેસ્ટ) | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી ફોફલિયાવાડો, પોળની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મહાલક્ષ્મી માતાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય, નાનું દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી ચોધરીની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી સહસ્રફણા શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ (બાબુલનાથ) | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મનમોહનજીની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી વિમલનાથ જૈન આરાધક સંઘ, બાણગંગા વાલકેશ્વર | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી નગીનદાસ કરમચંદ સંઘવી ઘર દેરાસર | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી ઢંઢેરવાડા મહોલ્લા પ્રોપર્ટી ટ્રસ્ટ | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી જૂહુ સ્કીમ જૈન સંઘ | રૂા. ૧૧.૭૦ લાખ |

## અનુમોદના... અભિનંદન... અનુમોદના...





આપણી સંસ્થાના માનનીય પ્રમુખ **શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા)** તરફથી એક પ્રશંસનીય પ્રસંગ અને ઘટના સાકાર પામી છે. તેઓનો પરિવાર પહેલા પાર્લા વેસ્ટ, બજાજ રોડ ખાતે ઘણા વર્ષો સુધી મોહનવીલા સોસાયટીમાં રહેતા હતા, ત્યાં એક મહાદેવનું નાનકડું મંદિર હતું. બિલ્ડીંગમાં આવતા જતા લોકો એ મહાદેવની પૂજા કરતા દર્શન કરતા. એ મંદિર સમય જતાં જિર્ણ શિર્ણ હાલતમાં હતું. **શ્રી દાનેશભાઈની** નજરમાં આવ્યું અને તેમને ભાવ જાગ્યો કે, 'જે સોસાયટીમાંથી વર્ષો સુધી રહીને અમારા પરિવારે પ્રગતિ કરી છે તો આ **મહાદેવના મંદિરનો હું જિર્ણોદ્ધાર** કરાવું.' અને **તેઓએ માર્બલનું ૩૦૦ ફૂટનું નવું શિખરબંધી મંદિર પાયામાંથી નવનિર્માણ કરીને બનાવ્યું** અને સોસાયટીના રહેવાસીઓને અર્પણ કર્યું. ત્રણ દિવસ ત્યાં પ્રતિષ્ઠા મહોત્સવ ચાલ્યો અને રહેવાસીઓ આ નવું મંદિર જોઈને **શ્રી દાનેશભાઈ** પ્રત્યેની લાગણીને કદર કરતા ગદગદીત થઈ ગયા. **શ્રી દાનેશભાઈ અને કેતકીબેનનું શાલ ઓઢાડી અને શ્રીફળ આપીને બહુમાન કર્યું.** ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે એક જૈન ભાઈએ મહાદેવનું મંદિર બનાવીને સર્વ ધર્મને સમાન ગણીને ઉત્કૃષ્ટ પુણ્યનું કાર્ય કર્યું છે.

આ પ્રસંગે ઉપપ્રમુખ **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલ શાહ, શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ, શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ, શ્રી ભાવીકભાઈ ભદ્રેશભાઈ શાહ** વગેરે મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.





# વ્હાલમ આવોને - ૨

શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ આયોજીત અને **શ્રીમતી સુશિલાબેન ચંદ્રકુમાર મણિલાલ ઝવેરી (સાહેબા)** ચોધરીની શેરી પ્રેરિત ૨૧ જૂન ૨૦૨૬ના રોજ પાટકર ખાતે **''વ્હાલમ આવોને-૨''** મ્યુઝિકલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાટ્ય જગતના જાણીતા કલાકાર **શ્રી દિલીપભાઈ રાવલના** સંચાલનમાં અને સંગીતના **ઓર્ગેનાઈઝર મનીષભાઈ પારેખની ટીમ** સાથે આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ કાર્યક્રમના પ્રેરક **દાતા શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર (માટલીવાલા) (કનાસાનો પાડો), શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી), ન્યુ ઈન્ડિયા કંન્સ્ટ્રક્શન (શ્રી નાનુભાઈ શાહ) (કનાસાનો પાડો), શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ - હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો), શ્રીમતી સોનલબેન રવિભાઈ શાહ (ચિતારાની ખડકી), શ્રી સંદિપભાઈ રમેશચંદ્ર શાહ (કટકિયા વાડો) હતા.**

નવકાર મંત્રની શરૂઆત પછી એક પછી એક ગુજરાતી ગીતોની રમઝટ માણતા માણતા સમય ક્યાં પસાર થઈ ગયો એની ખબર જ ન પડી. મધ્યાંતરમાં ઉપપ્રમુખ અને પ્રોગ્રામ સમિતિના હેડ **શ્રી રોહિતભાઈએ** ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું. પ્રમુખ **શ્રી દાનેશભાઈએ** પાટણ જૈન મંડળની વિવિધ પ્રવૃત્તિઓની અને લોનાવાલા પ્રોજેક્ટની માહિતી આપી હતી. પ્રોગ્રામ સમિતિના સેક્રેટરી **શ્રી કલ્પેશભાઈએ** ઉદ્‌બોધન કર્યું હતું, ત્યારબાદ પ્રોગ્રામના સૌજન્ય દાતાઓનું તથા **મનીષ પારેખ, દિલીપ રાવલ** વગેરેનું બહુમાન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના જીવન નિર્વાહના દાતાઓ **શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ, શ્રી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ, શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ, શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ, શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ, શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી, શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી, બાબુ હર્ષભાઈ પનાલાલનું** પણ બુકે આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ખાસ **પ્રમુખ શ્રી દાનેશભાઈના** આગ્રહને માન આપી સુરતથી પાટણ મિત્ર મંડળના હોદ્દેદારો પધાર્યા હતા. તેમનું પણ બુકે દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

અંતમાં પ્રોગ્રામ સમિતિના સેક્રેટરી **શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહે** આગવી શૈલીમાં આભારવિધિ કરી હતી. સમિતિના કાર્યકરો **શ્રી જ્યોતિન્દ્રભાઈ, શ્રી ભાવિકભાઈ, શ્રી નિલેશભાઈ કાંતિલાલ, શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર, શ્રી નિલેશભાઈ અરૂણભાઈ, શ્રી ધીરેનભાઈ, શ્રીમતી પ્રિતીબેન વગેરેનો ખાસ આભાર** માન્યો હતો.

પ્રોગ્રામ સમિતિના સેક્રેટરી **શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહે** દાતાઓના નામ એનાઉન્સ કર્યા હતા. ૬૫૦થી વધારે પટણીઓની ઉપસ્થિતિ હોલ ખીચોખીચ ભરેલો હતો. આ સાથે સુંદરાબાઈ હોલમાં સુંદર સ્વાદિષ્ટ ભોજનનો આનંદમાણી લોકો ખુશનુમા વાતાવરણમાં છૂટા પડ્યા હતા.










“મનીષ પારેખ”








“મનીષ પારેખ”


“મનીષ પારેખ”


સાંસ્કૃતિક પ્રવૃતિ નિધિ પ્રેરિત


શ્રી પાટણ જૈન મંડળ
પ્રોગ્રામ સમિતી આયોજિત
શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાહેબા)






"મનીષ પારેખ"
રજૂ કરે છે


સાંસ્કૃતિક પ્રવૃતિ નિધિ પ્રેરિત




સાંસ્કૃતિક પ્રવૃતિ નિધિ પ્રેરિત
"મનીષ પારેખ"




પ્રોગ્રામ સમિતિ આયોજિત


પ્રોગ્રામ સમિતિ આયોજિત
શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાહેબા)
સાંસ્કૃતિક પ્રવૃતિ નિધિ પ્રેરિત

## SHREE PATAN JAIN MANDAL

# Introducing... Young Pattni Group

## Connect • Network • Grow Together

આપણા Patan Jain Community માં અનેક Talented, Educated, Successful Professionals, Entrepreneurs અને Business Persons છે. તેમ છતાં, આજે પણ એવો કોઈ Common Platform નથી, જ્યાં સમાજના યુવાનો એકબીજાને ઓળખી શકે, connect થઈ શકે, friendships વિકસાવી શકે, professional networking કરી શકે અને સાથે મળીને વિકાસ કરી શકે.

આ જ વિચારને સાકાર કરવા માટે Patan Jain Mandal દ્વારા **Young Pattni Group** ની શરૂઆત કરવામાં આવી રહી છે. આ ૨૨ થી ૪૫ વર્ષની ઉંમરના Bachelors, Young Married Couples, Professionals અને Entrepreneurs માટેનું એક Youth Community Platform છે.

આ પહેલનો હેતુ માત્ર કાર્યક્રમો યોજવાનો નથી, પરંતુ સમાજના યુવાનોને એક મજબૂત પ્લેટફોર્મ પર જોડવાનો, નવી મિત્રતાઓ વિકસાવવાનો, Business & Professional Networking ને પ્રોત્સાહન આપવાનો, યુવાનોમાં Leadership વિકસાવવાની તક આપવાનો અને આવનારી પેઢી માટે વધુ સંગઠિત તથા મજબૂત Patan Jain Community નું નિર્માણ કરવાનો છે.

આ પ્લેટફોર્મ દ્વારા Theme Parties, Motivational Sessions, Business Networking Meets, Trekking & Adventure, Festival Celebrations, Social Service Activities અને અન્ય વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, જેથી સભ્યો વચ્ચે સતત સંપર્ક, સહકાર અને સમાજ સાથેનું જોડાણ વધુ મજબૂત બને.

સભ્યોને Lifelong Friendships, Business References, Professional Network, Community Support, Leadership Opportunities તથા સમાજ માટે કાર્ય કરવાની અનેક તકો પ્રાપ્ત થશે.

**Young Pattni Group** માત્ર એક કલબ નથી, પરંતુ સમાજના યુવાનોને એકબીજા સાથે જોડતું, પ્રેરિત કરતું અને સશક્ત બનાવતું એક Community Movement છે.

**Our Motto**

Today's Friendship... Tomorrow's Leadership.

Today's Connection... Tomorrow's Strong Patan Jain Community.

Founding Member તરીકે જોડાઈ આ સુંદર પહેલનો ભાગ બનો. Yearly Membership દ્વારા વર્ષભર વિવિધ કાર્યક્રમો, Networking Opportunities અને Community Activities નો લાભ મેળવો.

Let's Connect • Let's Network • Let's Grow Together!

# સમૃદ્ધ પાટણ સમાજની અનાજ વિતરણ યોજના

## સાધર્મિક ભક્તિ એ જ સર્વોત્તમ પ્રિતી

**-: રૂા. ૨,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતાઓ :-**

પોતાના સહધર્મી ભાઈને, શ્રેષ્ઠ, સમર્થ અને દિવ્યગુણ સંપન્ન બનાવવો તેનું નામ સાધર્મિક વાત્સલ્ય, તેનું નામ સાધર્મિક ભક્તિ.

ભક્તિનો અર્થ છે પરમપ્રીતિ સહર્ધમી ભાઈને પણ શ્રેષ્ઠ, સમર્થ અને સંપન્ન બનાવવા માટે નક્કર પ્રયત્ન કરવા તેનું નામ સાધર્મિક ભક્તિ. જૈન ધર્મના ઉમદા વિચારોને કેન્દ્રમાં રાખીને શ્રી પાટણ જૈન મંડળ સમાજના મધ્યમવર્ગના પરિવારોને હર પ્રકારે સાથ-સહકાર અને સેવા આપવાનો મુખ્ય ધ્યેય ધરાવે છે અને સતત કાર્યરત છે.

જાણો જ છો કે આપ સહુ આર્થિક રીતે સાધન સંપન્ન શ્રેષ્ઠિઓ વધતી જતી કારમી મોંઘવારીમાં આ પરિવારોને સહાય કરવા ભંડોળની જરૂર તો પડતી જ રહે છે એના પછી જરૂર પડે છે, હૃદયના ઉત્કટ ભાવની અને સમર્પિત કાર્યકરોની આ ત્રિવેણી સંગમ સતત જો અકબંધ રહે તો શ્રી પાટણ જૈન મંડળના અનેકાનેક જીવનમાં એક દીપ પ્રગટાવી શકીશું. પાટણ જૈન મંડળ તરફથી ગત વર્ષે શરૂ કરવામાં આવેલ અનાજ વિતરણ યોજના અંતર્ગત લગભગ ૨૨૫ પરિવારો લાભ લઈ રહ્યા છે.

સંસ્થામાં આજ સુધી ૨૫ દાતાઓના નામ આવી ગયા છે તે સર્વેનો ખૂબ ખૂબ આભાર. સમાજના અન્ય પરિવારોને પણ સાધર્મિક ભક્તિ યોજનામાં જોડાવવા નમ્ર વિનંતી.

- શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
- શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)
- શ્રી સંદીપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રી રવીભાઈ સેવંતીલાલ શાહ (ચિતારાની ખડકી)
- શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ મફતલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ (અમદાવાદ)
- શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી ગીતાબેન વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રી ધવલભાઈ દિપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો)
- શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)
- શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ તથા (ભાભાનો પાડો)તથા<br>શ્રી જયેશભાઈ નાનકચંદ શાહ (નેહજ) (કુંભારીયા પાડો)
- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર શાહ (શામળાજીની શેરી)
- શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ  તથા  (વખતજીની શેરી)તથા<br>શ્રીમતી શિતલબેન નિલેશભાઈ શાહ (ખડાખોટડીનો પાડો)
- શ્રમતી કુસુમબેન કાંતિલાલ તેલિયાવાળા (મનમોહનજીની શેરી)
- શ્રીમતી હેમલબેન જનકભાઈ શાહ (મનમોહનજીની શેરી)
- શ્રીમતી નીતાબેન કમલેશભાઈ શાહ ( )
- શ્રીમતી પંકિતાબેન પરેશભાઈ ખાંડવાલા (કેશુશેઠનો પાડો)
- શ્રી કેશવલાલ કીલાચંદ શાહ (કુંભારીયા પાડો)
- શ્રી મુકુલબેન બીપીનચંદ્ર રાણીવાલા (ખડાખોટડીનો પાડો)
- શ્રીમતી આશિતાબેન સોનીરભાઈ સાંડેકર (કેશુશેઠનો પાડો)
- શ્રી મયુરભાઈ નવીનચંદ્ર શાહ (ઝવેરી વાડો)
- શ્રીમતી પ્રભાવતીબેન જમનાદાસ શાહ (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી માલતીબેન રાજેન્દ્રભાઈ શાહ (ઝવેરી વાડો)
- શ્રી રાજેન્દ્રભાઈ ગભરુચંદ શાહ (ઝવેરીવાડો)
- શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરી (કુંભારીયા પાડો)
- શ્રીમતી માધવીબેન હિતેનભાઈ ઝવેરી (કુંભારીયા પાડો)
- શ્રી સંદિપભાઈ રમેશચંદ્ર શાહ (કટકિયા વાડો)
- શ્રીમતી સોનલબેન મુકેશભાઈ શાહ (શાંતિનાથની પોળ)
- શ્રીમતી ગુંજનબેન એશાનભાઈ શાહ (શાંતિનાથની પોળ)
- શ્રીમતી જીતાબેન રજનીકાંત ઝવેરી (કનાસાનો પાડો)
- શ્રી નરેશચંદ્ર મણિલાલ ઝવેરી (ચોધરીની શેરી)
- શ્રીમતી નલીનીબેન નવીનચંદ્ર હિરાલાલ શાહ (વખતજીની શેરી)
- શ્રીમતી વસંતબેન ચંપકલાલ ઝવેરી (મનમોહનજીની શેરી)

# સમૃદ્ધ પાટણ સમાજની મેડિકલ યોજના

**-: રૂા. ૧,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતાઓ :-**

દિન-પ્રતિદિન વૈદકીય સારવાર, હૉસ્પિટલનો ખર્ચો તેમજ હૃદયરોગ, કિડની, લિવર, પેરેલિસિસ જેવા વધુ લાંબા રોગોની સારવારનો ખર્ચો ખૂબજ વધારે પડતો આવે છે, મધ્યમ વર્ગના પરિવારો માટે પોતાના સ્વજનને સારી અને વ્યવસ્થિત સારવાર કરવા માટે આપણા સમાજ પાસે મદદ લેવા અરજીઓ કરવી પડે છે, તેમના મોટી રકમના બિલો ચૂકવવામાં અને તેઓને થોડી રાહત આપવા આપણા સમાજના શ્રીમંત પરિવારો હંમેશા તૈયાર રહે છે તે ખૂબજ અનુમોદનીય બાબત છે.

આ યોજના અંતર્ગત સમાજના વધુને વધુ પરિવારો જોડાય તેવા શુભ આશયથી **''રૂા. એક લાખની પૂરક મેડિકલ સહાય સ્કીમ''** શરૂ કરી છે. આશા છે કે આપણા જ સાધર્મિક પરિવારોને મેડિકલ સહાય આપવામાં જરૂરથી પ્રોત્સાહન આપીને માનવસેવાના કામમાં સાથ-સહકાર આપશો.

સમાજના નીચે મુજબના દાનવીરો દ્વારા આ યોજનામાં સ્વૈચ્છિક રીતે જોડાઈ અમોને પ્રોત્સાહન પુરુ પાડેલ છે, તે બદલ તેઓ સહુ પ્રતિ આભાર ભાવ વ્યક્ત કરવામાં આવે છે.

- ✻ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- ✻ શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
- ✻ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
- ✻ શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)
- ✻ શ્રી સંદીપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
- ✻ સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- ✻ શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)
- ✻ શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
- ✻ શ્રી વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- ✻ શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- ✻ શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહ
- ✻ શ્રી રવીભાઈ સેવંતીલાલ શાહ (ચિતારાની ખડકી)
- ✻ શ્રી દિપકભાઈ મફતલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
- ✻ શ્રી ધવલભાઈ દિપકકુમાર શાહ (કનાસાનો પાડો)
- ✻ શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ (વખતજીની શેરી)
- ✻ શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો)
- ✻ શ્રી નિખીલભાઈ સૂર્યકાંત શાહ (કનાસાનો પાડો)
- ✻ શ્રીમતી હંસાબેન બાબુલાલ શાહ (કનાસાનો પાડો)
- ✻ શ્રી અતુલભાઈ નવીનચંદ્ર શાહ (ચોધરીની શેરી)
- ✻ શ્રીમતી નલીનીબેન નવીનચંદ્ર હિરાલાલ શાહ (વખતજીની શેરી)
- ✻ શ્રીમતી જ્યોત્સનાબેન નવીનચંદ્ર પત્રાવાલા (ચિતારાની ખડકી)
- ✻ શ્રી મહેન્દ્રભાઈ અમૃતલાલ શાહ (કપુરમહેતાનો પાડો)
- ✻ શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ (માટલીવાલા)(કનાસાનો પાડો)
- ✻ શ્રીમતી જેમીનીબેન હેમંતભાઈ સાલવી (સાલવી વાડો)
- ✻ શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- ✻ શ્રીમતી દેવિન્દ્રાબેન ભરતભાઈ શાહ (ઢંઢેરવાડો)
- ✻ શ્રીમતી સોનલબેન સંદીપભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- ✻ શ્રીમતી આશિતાબેન સોનીરભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- ✻ શ્રીમતી પ્રજ્ઞાબેન દિપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- ✻ શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ (કુંભારીયા પાડો)
- ✻ શ્રીમતી ગીતાબેન વિનોદભાઈ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- ✻ શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર ઝવેરી (મનમોહનજીની શેરી)
- ✻ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ
- ✻ શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ (ચિતારાની ખડકી)
- ✻ શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ (ડંકમહેતાનો પાડો)
- ✻ શ્રીમતી હેતલબેન ધવલભાઈ શાહ (કનાસાનો પાડો)
- ✻ શ્રીમતી નીજલબેન દેવેશભાઈ શાહ (વખતજીની શેરી)
- ✻ શ્રીમતી હર્ષાબેન ભરતભાઈ શાહ (કુંભારીયા પાડો)
- ✻ શ્રી હરેશભાઈ પુનમચંદ શાહ (કનાસાનો પાડો)
- ✻ શ્રીમતી ધારાબેન શૈલેષભાઈ શાહ (કુંભારીયા પાડો)
- ✻ શ્રી ક્રીવા ડિમ્પલ રોહનભાઈ શાહ (શાંતિનાથની પોળ)
- ✻ શ્રીમતી ભાવનાબેન જયેશભાઈ શાહ (કુંભારિયા પાડો)
- ✻ શ્રીમતી જ્યોત્સનાબેન નરેન્દ્રભાઈ પટવા (સંઘવીનો પાડો)



# કરકસર અને ઉદારતા

**સન્માર્ગે વપરાતી સંપત્તિ દૂધમાં સાકર જેવી છે**

**કુ માર્ગે વપરાતી સંપત્તિ દૂધમાં ખટાશ જેવી છે.**

**સિક્કાની બે બાજુની જેમ સંપત્તિની પણ બે બાજુ છે સારી અને નરસી જે વાતની ખબર છે ?**

લોનાવાલા તરફ ડ્રાઈવર બનીને પૂરવાર ગતિએ દોડાવતા હોઈએ ત્યારે આપણા મનમાં ત્રણ પ્રકારની ભૂમિકા ભાગ ભજવતી હોય છે. એકદમ સરળ અને સીધો વળાંક વિહોણો રસ્તો હોય ત્યારે ગાડી ક્યાંય રસ્તામાં અટકતી નથી. આગળને આગળ વધતા થોડોક જોખમી ઢાળ દેખાશે કે ટ્રાફિક દેખાશે તો ડ્રાઈવર ગાડીની સ્પીડ થોડી ઓછી કરશે અને ધીમી ગતીએ પણ ક્યાંક આગળ વધતાં રસ્તામાં કોઈક અકસ્માત દેખાશે કે ભેખડો ઘસી પડી હશે તો ત્યાં જ કાર અટકાવી દેશે. આમ ‘કાર’ માટે ડ્રાઈવરની જેમ ત્રણ ભૂમિકા છે એમ સંપત્તિ અંગે પણ સમજદાર, શ્રીમંત, ધનવાન વ્યક્તિની પણ ત્રણ ભૂમિકા હોવી જોઈએ.

પૂર્વભવના પુણ્યોદયે જો આ ભવમાં અઢળક સંપત્તિ મળી હોય તો ધર્મ અને સેવાના ક્ષેત્રો પર નજર રાખીને ઉદારમને તેને વાપરવી જોઈએ જેમ કારનો માલિક ડ્રાઈવરને સીધા-સરળ રસ્તા પર સ્પીડ મુજબ કાર ચલાવવાની મંજૂરી આપે છે, તેમ.

આપણા જૈન શાસનના ઈતિહાસમાં મહાન શ્રીમંતો શુભકાર્યોમાં સંપત્તિનો વિનિયોગ કેવા મોકળા હાથે ઉદારતાથી કરતા હતા. ‘અપરિગ્રહ અને દાન’ની ભાવનાને સાર્થક કરતા કરતા અમર થઈ ગયા. આજના આ લેખ દ્વારા દાનવીર જૈન શ્રેષ્ઠિ મોતીશાહની આ ઘટનાને યાદ કરીએ.

જેમની કારકીર્દિ સોળે કળાએ ખીલી ઉઠી હતી. જેઓ મહાસાગરના મોતી સમાન ઝળહળતા શાહ સોદાગર હતા જેમના અણુએ અણુમાં, રોમે રોમ જૈન શાસન અને જૈન ધર્મની સાથે માનવસેવા વસેલી હતી તેવા મોતી શાહે વિ.સ. ૧૮૮૬માં તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ પર મંદિરોની નગરી સમી અત્યંત વિરાટ ‘મોતીશાટુંક’ ના નિર્માણનો સંકલ્પ કર્યો ત્યારે ભલભલા ધનકુબેરોને આમાં જોખમ દેખાતું હતું. કેમ કે ‘કુંતાસર’ નામે વિરાટ ખીણ પૂરી દઈને એના પર આ દેવવિમાન સમી મંદિરોની નગરી રચાવાની હતી. સાડાત્રણ હજાર પગથિયાની ઉંચાઈ પરના ભાગે રહેલી ખીણ પૂરવાની વાત જ ઘણાને અશક્ય લાગતી હતી. એ માટે કેટલું અગણિત ધન જોઈએ તેની પણ કલ્પના નહોતી. એ સમયે જૈન સંઘોના મોભી અમદાવાદના શેઠ પ્રેમાભાઈએ કુંતાસરની ખીણ પૂરવાના સાહસ અંગે પોતાની શંકા દર્શાવી. પરંતુ મોતીશાહે તે તરફ ધ્યાન ન દેતા, સંપત્તિની સરિતા વહાવી દઈને નિર્ધારિત સમયમાં ખીણ પૂરાવી દીધી અને એની ઉપર દેવલોક સમાન જાજરમાન, દેદીપ્યમાન મંદિરોની હારમાળા સર્જી દીધી.

એ સમયમાં મધ્યમવર્ગના પરિવારનો વાર્ષિક ખર્ચ માત્ર પચ્ચીસ, પચાસ રૂપિયા આવતો એ કાળે મોતીશા ટૂંક નિર્માણના આ મહાનકાર્યમાં શીલાઓ ચડાવવા માટેની દોરડાનો ખર્ચ રૂા. ચોર્યાશી હજાર આવ્યો હતો. સળંગ સાત વર્ષ સુધી એકતાલીસ સૌ પરિવારોને આ કાર્યમાં જોડાવાથી રોજી-રોટી મળી હતી!!

માત્ર ધર્મકાર્યમાં જ નહીં, જીવદયા શુભકાર્યમાં પણ શેઠ મોતીશાહે તે કાળે કુલ રૂા. બે લાખના દાન ઉપરાંત અનેક સ્થળોએ પાંજરાપોળોને દાનની સખાવત કરી હતી. મુંબઈ ખાતે લાલબાગ, ભાયખલામાં વસાહતી ‘મોતીશાહ ચાલ’ નામે જૈનોના સાધર્મિક ગરીબ પરિવારોને માટે જગ્યા બનાવી આપી હતી અનેક ઠેકાણે જૈન મંદિરોના નિર્માણ પણ કર્યા હતા. જેનો લાભ આજે પણ જૈન સમાજને મળી રહ્યો છે.

સન્માર્ગે સંપત્તિનો મોકળા હાથે વિનિયોગ કેવી રીતે કરાય એ મહામાનવ મોતીશાહના આ પ્રેરક જીવન પ્રસંગો બતાવે છે.

ડ્રાઈવરની બીજી ભૂમિકા છે ઢાળ પરના માર્ગે કાર પર જેમ બ્રેકનું નિયંત્રણ રાખે એમ સંસારમાં રહીને વ્યક્તિ વિવેકી બની મર્યાદા - ‘બ્રેક’ રાખીને સંપત્તિનો જરૂર પૂરતો વિનિયોગ કરવો જોઈએ. શ્રીમંતાઈનો ઉપયોગ ધર્મના ક્ષેત્રમાં તેમજ માનવસેવાના ક્ષેત્રમા જેટલો વધુ થાય તે શોભાસ્પદ છે. બિનજરૂરી આડંબર, દેખાડો કે પોતાની ખોટી વાહ વાહ કરાવવાનો કોઈ અર્થ સરતો નથી. આ તો માત્ર ક્ષણિક છે. મર્યાદાપૂર્વકનો ઉપયોગ એ કંજૂસાઈ નથી. બિનજરૂરી સો રૂપિયાય ન ખર્ચવા અને જરૂરી હોય તો લાખ રૂપિયા ખર્ચતા પણ અટકવું ન જોઈએ.

એક શ્રીમંત શેઠને ત્યાં એમના જેવી જ એક શ્રીમંત પરિવારની પુત્રવધુ આવી શરૂઆતના નવા નવા દિવસો હતા. એક સવારે પુત્રવધુએ રસોડામાં એક દ્રશ્ય જોયુ કે સસરાજી ઘીની બરણીમાંથી ઘી વાટકીમાં લેતા હતા તેમના હાથે એક-બે ઘીના ટીપા નીચે પડ્યા સસરાજીએ નીચે નમીને તે ટેપા પોતાની આંગળીમાં લઈને સરીર પર લગાવી દીધા આ દ્રશ્ય જોઈને પુત્રવધુનું મન શંકાશીલ બની ગયું એને થયું કે ‘કરોડપતિ હોવા છતાં સસરાજી એક બૂંદ જેવી નાચીઝ બાબત ફોગટ નથી જવા દેતા. તો ક્યારેક મોટો ખર્ચ આવી પડે ત્યારે ખર્ચ ક્યાંથી કરી શકશે ?’ સસરાજી જરૂર કંજૂસ છે તો આવા ઘરમાં જિંદગી કેવી રીતે વીતશે ?

સસરાના સ્વભાવને વધુ જાણવા માટે પુત્રવધુએ એક પરિક્ષા કરવાનો વિચાર કર્યો એક સવારે તેણે ભયંકર માથું દુઃખવાનું નાટક

કર્યું. શેઠે તાબડતોબ સારામાં સારા તબીબો તેડાવ્યા, પણ તકલીફ હોય તો પરખાય ને ? તબીબોએ હાથ હેઠા મૂક્યા. પુત્રવધુનું નાટક એવું આબાદ હતું કે સમગ્ર પરિવાર ચિંતાતુર બની ગયો.

એવામાં શેઠને ઝબકારો થતાં એમણે પુત્રવધુને પૂછ્યું ''વહુ બેટા ! તમને પિયરમાં પહેલા આવી પીડા થઈ હતી ? ત્યારે પુત્રવધુએ કહ્યું કે, 'હા ! પણ તે સાચા મોતી જેની કિંમત લાખો રૂપિયા હતી, તે મોતીનો લેપ વાટીને તૈયાર કરી લગાવવાથી પીડા શાંત થઈ હતી. શેઠ તરત જ બોલ્યા' વહુ બેટા ! એ ચિંતા તમારે કરવાની જરૂર નથી. હું હમણા જ મોતીનો લેપ તૈયાર કરાવું છું જો પહેલા જ તમે મને આ ઉપાય બતાવ્યો હોત તો આ પીડા આટલા બધા સમયથી તમારે સહન કરવી ના પડત.

પરીક્ષામાં શેઠ પાસ થયા પુત્રવધુએ તરત જ પથારીમાંથી સસરાને પગે લાગી ક્ષમાયાચના કરતા કહ્યું, પિતાજી પેલી ઘીના બુંદની જે ઘટના મેં જોઈ હતી તેના કારણે તમારા સ્વભાવને જાણવા પરીક્ષા ખાતર મેં આ નાટક કર્યું હતું. શેઠ હસતા હસતા પુત્રવધુને જીવનશૈલીનું દર્શન કરાવ્યું અને કહ્યું; ''કરકસર એ કંજુસાઈ નથી અને જરૂરી અવસરની ઉદારતા એ ઉડાઉપણું નથી.''

સંપત્તિની ત્રીજી ભૂમિકા છે જરા પણ ઉપયોગ નહીં કરવાની ખરબચડા રસ્તાઓ પરથી ડ્રાયવર કાર ને આગળ ન જવા દે, એમ કોઈપણ જાતના ખોટા વ્યસનના માર્ગે સંપત્તિનો જરા જેટલો પણ ઉપયોગ ન કરવો જોઈએ ખોટા રસ્તે વેડફાતી સંપત્તિ વ્યક્તિને પોતાને જ ખતમ કરી નાખે છે. માટે કુમાર્ગે સંપત્તિ જરા પણ ન વેડફાતી ત્રીજી ભૂમિકા ખાસ આત્મસાત કરવા જેવી છે.

સમાજમાં રહીને સમાજના કલ્યાણ માટે સમાજ દ્વારા થતાં સામાજિક કાર્યો જેવા કે અનાજ રાહત, મેડિકલ, શિક્ષણ, સાધર્મિક સહાય જેવા કોઈપણ માઈલ સ્ટોન કાર્યો થતાં હોય ત્યાં જ સંપત્તિનો સદુપયોગ કરી, માનવજીવન સાર્થક કરીએ તો જ સન્માર્ગે વપરાતી સંપત્તિ દૂધમાં સાકર સમી છે. આપણે જેના વંશજો છીએ તેવા જૈન શાસનના અણમોલ રત્નો સમાન મોતીશા, જગડુશાહ, પેથડશાહ, ભામાશાહ, વસ્તુપાલ-તેજપાલને સ્મૃતિમાં રાખીને માનવજીવન મહેંકતું બનાવવાના આશીર્વાદ પરમાત્મા પાસેથી મેળવીએ.

## કલ્યાણની દ્રષ્ટિ

અમેરિકાના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ જોન ડેવિસન રોકફેલરે સોળ વર્ષની વયે ક્લીવલેન્ડમાં એક દલાલી પેઢીમાં કારકુન તરીકે પોતાનું કામ શરૂ કર્યું અને પછી પ્રગતિ સાધતા ઉદ્યોગના ક્ષેત્રે આગળ વધતા રહ્યા. એમણે સ્ટાન્ડર્ડ ઓઈલ કંપનીની સ્થાપના કરી. એની સામે ઈજારાવાદી પ્રવૃત્તિના આક્ષેપો પણ થયા. એમની કેટલીક કંપનીઓ સામે અદાલતી કાર્યવાહી પણ થઈ, છતાં દ્રઢ મનોબળવાળા અને પોતાનું ધાર્યું સિદ્ધ કરવા મથનારા આ મક્કમ મનોબળ ધરાવતા ઉદ્યોગપતિ એક દિવસ શિકાગોમાં આવેલા સ્વામી વિવેકાનંદને મળવા દોડી આવ્યા. આમ તો આ પૂર્વે એમના મિત્રોએ હિંદુ સન્યાસીને મળવાનું વારંવાર સૂચન કર્યું હતું. પરંતુ રોકફેલરે કશી દરકાર કરી નહોતી. એક દિવસ કોઈ પ્રબળ આવેગથી દોરવાઈને જોન રોકફેલર એમના મિત્રને ત્યાં અતિથિ તરીકે ઉતરેલા સ્વામી વિવેકાનંદને મળવા દોડી આવ્યા.

દરવાજા ખોલનાર રસોઈયાને જરા બાજુએ હટાવતાં એમણે કહ્યું, ''મારે હિંદુ સંન્યાસીને મળવું છે.''

રસોઈયાએ દીવાનખાનામાં બેસવાની એમને વિનંતી કરી. પણ રોકફેલર એમ કંઈ રાહ જોઈ શકે ખરા !

એ તો સીધેસીધા જ સ્વામી વિવેકાનંદના ઉતારાખંડમાં પહોંચી ગયા. એ સમયે સ્વામીજી મેજ પર લેખનકાર્ય કરતા હતા. એમણે કોણ આવ્યું છે, એ જોવાની પરવા પણ ન કરી. થોડી વારે સ્વામીજીએ આંખો ઊંચી કરી અને રોકફેલરને જોયા. સ્વામી વિવેકાનંદે એમનો ભૂતકાળ કહ્યો, જેની રોકફેલર સિવાય બીજા કોઈને ખબર નહોતી. વળી અંતે સ્વામી વિવેકાનંદે કહ્યું, ''તમે ભેગુ કરેલું ધન એ તમારું નથી. તમે તો માત્ર એના વાહક છો અને તમારો ધર્મ જગતનું કલ્યાણ કરવાનો છે. ઈશ્વરે તમને જે સંપત્તિ આપી છે, તે લોકકલ્યાણનું કાર્ય કરવા અર્થે આપી છે.''

જૉન રોકફેલર કોઈની વાત સાંભળવા ટેવાલેયા ન હતા. એમાં વળી સ્વામીજીએ તો એમને ઘણી મોટી સલાહ આપી. એટલે 'આવજો' કહેવાનોય શિષ્ટાચાર કર્યા વિના એ ઊઠીને પાછા ફરી ગયા. એક સપ્તાહ બાદ ફરી આ જ રીતે જોન રોકફેલર સ્વામી વિવેકાનંદને મળવા ધસી આવ્યા અને એમણે સ્વામીજી પાસે અમેરિકાનો કોઈ સેવાભાવી સંસ્થાને માટે મોટી રકમનું દાન આપવાની પોતાની યોજનાની નોંધનો કાગળ ધર્યો. સ્વામીજીએ વાંચ્યો. રોકફેલર ગર્વથી કહ્યું, ''હવે તમને સંતોષ થશે. ધનના આવા ઉપયોગ માટે તમારે મારો આભાર માનવો જોઈએ.''

સ્વામી વિવેકાનંદે કાગળ હાથમાં લઈને વાંચ્યો અને કહ્યું, ''ભાઈ, આભાર તો તમારે મારો માનવો જોઈએ.'' આ વાત અહીં પૂરી થઈ, પણ અમેરિકાના ઉદ્યોગપતિ રોકફેલરનું આ સર્વપ્રથમ દાન હતું. એ પછી એના જીવનકાળ દરમિયાન શિક્ષણ અને માનવકલ્યાણના ક્ષેત્રે પચાસ કરોડ ડોલરથી પણ વધુ દાન આપી ધનિક ઉદ્યોગપતિ દાનેશ્વરી તરીકે પણ જાણીતો થયો.

સંકલન.

## SHREE PATAN JAIN MANDAL

ANNOUNCES THE MOST AWAITED

# PATAN TRADE FAIR 2026

Connect • Trade • Prosper

**DATE: 26TH SEPTEMBER, SATURDAY**
**27TH SEPTEMBER, SUNDAY**
**VENUE: NEHRU CENTRE, WORLI, MUMBAI - 18**

## STRONG PILLARS OF THE 6TH TRADE FAIR 2026

**Smt. Bhagvatiben Vinodchandra Shah**
**(Matliwala) Parivar(Kanasano Pado)**

**Shri Hemantbhai Kantilal Shah**
**(Salvi) Parivar (Salvi Wado)**

**Smt. Sudhaben Dineshbhai Shantilal Shah**
**(Pole ni Sheri)**

**Shri Rameshchandra Chhabildas Jhaveri Parivar**
**(Manmohanjini Sheri)**

**Smt. Ashitaben Sonirbhai Sandesara Parivar**
**(Keshusethno Pado)**

**Shri Viralbhai Rajendrabhai Champaklal Jhaveri Parivar**
**(Manmohanjini Sheri)**

**Shri Kuntalbhai Niranjanbhai Popatlal Shah Parivar**
**(Kanasano Pado)**

**Smt. Niranjanaben Prafulbhai Shah Parivar**
**(Brahman Wado)**
**(Haste. Smt. Dipaben Nileshbhai Shah)**

**Shri Sandipbhai Kirtilal Shah**
**(Keshusethno Pado)**

### TRADE FAIR HIGHLIGHTS

- Two Day Mega Event
- Live Food Counters
- 100+ Stalls Under One Roof
- Prestigious Venue
- Ample Parking Facilities

### TRADE FAIR COMMITTEE

- Hitesh Mahendrabhai Shah
- Sanjaybhai Sudhirbhai Shah
- Bhavik Bhadreshbhai Shah
- Deveshbhai Rameshchandra Shah
- Jash Nimishbhai Salvi

## શ્રી પાટણ જૈન મંડળ આયોજિત

# શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાન

## હાર્દિક નિમંત્રણ

**દિનાંક : રવિવાર તા. ૩૦-૦૮-૨૦૨૬**

**સમય : સવારે ૧૦.૦૦ કલાકે • વક્તા : ડૉ. રૂપાબેન શાહ • ભક્તિ સંગીત**

**વિષય : ''Health Benefits of a Whole Food Plant-Based Diet''**

**સ્થળ : શ્રી પાટણ જૈન મંડળ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલ, મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦**

પર્વાધિરાજ પર્યુષણ પર્વ પૂર્વે પ્રતિવર્ષ યોજાતા પ્રવચનની જેમ આ વર્ષે પણ યોજાયેલ આયોજનમાં સમાજના સર્વે પરિવારજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા હાર્દિક વિનંતી છે. દાતા તરફથી પ્રભાવના આપવામાં આવશે.

❑ પ્રોગ્રામ સમિતિ

## વેદનાના આંસુ



ચંચળ બા ડગુમગુ લાકડીના ટેકાથી ચાલતા પૌત્રી રીંકુના રૂમમાં ગયા. ''બેટા આ સોયના નાકામાં દોરો પોરવી દેને. મારે સાડી સાંધવી છે. એમ કહી ચંચળ બા એ સોય - દોરો રીંકુ સામે ધર્યો. ત્યાં તો રીંકુ તાડુકી ''શું દાદીમાં જોતા નથી ? હું લેપટોપ પર કામ કરી રહી છું.'' તમે તો નવરા છો, આવી ગયા ગમે ત્યારે, નિઃસાસો નાખી ચંચળ બા બોલ્યા... ''ઠીક બેટા.'' ચંચળ બા બીજા રૂમમાં ગયા... મીના વહુ આ દોરો... એમ કહી હાથ લંબાવ્યો. ત્યાં તો મીના વહુ મોટેથી રાડ પાડી બોલી શું છે હવે ? આખો દિવસ બધાને હેરાન જ કરો છો ? હવે ચંચળ બા શું બોલે ? રડતી આંખે બહાર નીકળી ગયાને મીના એ રૂમનો દરવાજો જોરથી બંધ કર્યો.

હે જિનેશ્વર દાદા - વિતરાગી પ્રભુ તમે તો કરૂણાના સાગર છો. મૂંગા અબોલ ઢોર માટે જીવદયા પ્રેમી તેમની સંભાળ રાખવા પાંજરાપોળ બનાવે છે. અમારા જેવા ઘરડા-લાચાર-મજબૂર માટે શું ? ત્યાં તો કામવાળી લક્ષ્મીબાઈ દોડતી આવી કહ્યું કે, ''બા લાવો આ સોઈ-દોરો, સાડી આપો હું સાંધી આપુ છું..

ચંચળ બાની આંખમાં આંસુ આવી ગયા, શું આ આંસુ હર્ષના હતા કે વેદનાના ? તમે જ નક્કી કરજો.

પ્રવીણા બી. શાહ (કુંભારીયા પાડો) (ઉ.વ. ૮૪)


## શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત

# શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

**ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩**

## અન્નદાન.... પુણ્ય મહાન

## ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન

- મુમુક્ષુ વૈયાવચ્ચ યોજના – કાયમી ફંડ રૂા. ૫,૨૫,000/–
- મુખ્ય આધારસ્તંભ યોજના ખાતે કાયમી ફંડ રૂા. ૩,૧૧,૦૦૦/–
- સહાયક ભક્તિ ફંડ યોજના – તક્તિમાં નામ આવશે રૂા. ૧,૧૧,૧૧૧/–
- ભોજન ખંડમાં ફોટો કાયમી ફંડ ખાતે રૂા. ૫૧,૦૦૦/– • દૈનિક ભક્તિ રૂા. ૫,૦૦૦/–

સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન • સાધર્મિક ભક્તિ • મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧

સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✻ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ

ADVT

Owned & Managed by

SHREE PATAN JAIN MANDAL'S

# SAURABH MEDICAL HEALTH CARE

MORE THAN 114 YEARS IN SOCIAL SERVICE

GET "QUALITY DIAGNOSTICS" & "DOCTOR'S CONSULTATIONS" At "AFFORDABLE PRICES" OUR "NABH ACCREDITED" HEALTHCARE CENTRE Managed by SHREE PATAN JAIN MANDAL TRUST (Non-Profit-Organisation)

101-201, Prem Tower-A, 8, Jawahar Nagar, S.V. Road, Goregaon (W), Mumbai - 400104.

## FREE HOME VISIT FOR EVERY BLOOD PACKAGES

APPOINTMENT (MON TO SAT 9 AM - 6PM)
T : 022-31774129
M : +91-8369844115

**Rs. 720/- SILVER PROFILE** ~~Rs. 1890/-~~
- CBC & ESR
- Blood Sugar (Fasting)
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine

77 Parameters

**Rs. 630/- DIABETES PROFILE** ~~Rs. 980/-~~
- CBC
- Blood Sugar(Fasting)
- PP
- HbA1c
- S. Creatine
- Urine Routine

**Rs. 1080/- GOLDEN PROFILE** ~~Rs. 2890/-~~
- CBC & ESR
- HbA1c
- Blood Sugar (Fasting)
- Thyroid Profile
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine
- Ionic Calcium
- Electrolytes

86 Parameters

**Rs. 1440/- SUPER GOLDEN** ~~Rs. 3760/-~~
- CBC & ESR
- HbA1c
- Blood Sugar (Fasting)
- Thyroid Profile
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine
- Ionic Calcium
- Electrolytes
- Vitamin D3
- Vitamin B12

88 Parameters

**Rs. 1800/- PLATINUM PROFILE** ~~RS. 5580/-~~
- CBC & ESR
- HbA1c
- Blood Sugar (Fasting)
- Thyroid Profile
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine
- Ionic Calcium
- Electrolytes
- Vitamin D3
- Vitamin B12
- PSA (Male)
- CA 125 (Female)
- Iron Studies

93 Parameters

**Rs. 4500/- CARDIAC PACKAGE** ~~Rs. 9000/-~~
- CBC
- HbA1c
- Creatinine
- Electrolytes
- Lipid Profile
- Apolipoprotein A1 (Apo A)
- Apolipoprotein B (Apo B)
- Apolipoprotein B A1 Ratio
- High Sensitivity C-Reactive Protein (Hs-CRP)
- Homocysteine
- Lipoprotein (A)
- Troponin-I
- CPK
- LDH
- ECG
- 2D ECHO
- Doctor Consultation

53 Parameters

ALL INDIVIDUAL BLOOD TEST ALSO DONE HERE.

ALL PATHOLOGY TESTING BY BECKMAN COULTER (WORLD BEST MACHINE)

FEVER PACKAGE ALSO AVAILABLE

On Every Saturday

## FULL BODY HEALTH CHECK UP

INCLUDING PLATINUM PACKAGE OF BLOOD TEST CHEST X-RAY, ECG, 2D ECHO

~~RS.9000/-~~ RS.4500/- With Breakfast

WITH DOCTOR'S CONSULTATION

PHYSICIYAN, OPHTHALMOLOGIST, DENTIST, ENT, GYNECOLOGIST

OUR BLOOD COLLECTION CENTRE MARINE DRIVE : 8369062255
77, PATAN JAIN MANDAL MARG, MARINE DRIVE, MUMBAI - 400 0020. TIME 7.00 am to 11.00 am



# Physiotherapy

- ☞ Modern Electrotherapy Equipments
- ☞ Neurological Physiotherapy
- ☞ Mobilization
- ☞ Stretching
- ☞ Many Other Therapy
  with latest equipment





# Sonography

- ☞ Advanced 3D & 4D Sonography
- ☞ Sono Mammography
- ☞ Colour Doppler
- ☞ High Resolution Ultrasound
- ☞ 2D Echocardiography
- ☞ Thyroid Sonography






# Digital X-ray

- ☞ All Routine X-Ray With
  Latest Technology
- ☞ Latest CR System Through Fuji Film
  (Japani's Leading X-Ray Technology)
- ☞ Latest Dental OPG X-ray Machine
- ☞ Well Experienced
  & Trained Technician Team





# Consulting Departments

- ☞ Chest Medicine
- ☞ Dermatology
- ☞ ENT
- ☞ Gynaecology
- ☞ Internal Medicine
- ☞ Nutrition & Dietetics
- ☞ Ophthalmology (EYE)
- ☞ Physiotherapy
- ☞ Spine Surgery
- ☞ Dental
- ☞ Diabetology
- ☞ General Consulting
- ☞ Homoeopathy
- ☞ Nephrology
- ☞ Orthopaedic
- ☞ Paediatric
- ☞ Psychiatry
- ☞ Urology

# Specialised Test

- ☞ ECG
- ☞ STRESS TEST
- ☞ PAP SMEAR
- ☞ PFT
- ☞ AUDIOLOGY & SPEECH THERAPY
- ☞ MRI CT SCAN (Out Source)

**APPOINTMENT**
**(MON TO SAT**
**9 AM - 6PM)**
**T : 022-31774129**
**M : +91-8369844115**

## વિવિધ યોજનાઓમાં ઉત્સાહભેર ભાગ લેવા હાર્દિક વિનંતી.

## શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ હોલી ડે હોમ







**Rs. 25+6.5 = 31.5 Lc  બે ભાગમાં સયુંક્ત લાભાર્થી :**

પાર્શ્વયક્ષનો અર્ધો લાભ અપાઈ ગયો છે
બીજા ભાગના લાભાર્થીનું નામ લેવાનું બાકી છે,
જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
આ સ્કીમમાં પાર્શ્વયક્ષ ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે.

**Rs. 30 Lc  એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી  એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc  એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

| | |
|---|---|
| Rs. 2.25 Cr | ડાઈનીંગ હોલ |
| Rs. 1.50 Cr | Grand એન્ટ્રન્સ લોબી |
| Rs. 1.25 Cr | ક્રિકેટ ગ્રાઉન્ડ |
| Rs. 1.25 Cr | લેન્ડસ્કેપ એરિયા |
| Rs. 1.25 Cr | હોલ (૨૦૦ વ્યક્તિ માટે) |
| Rs. 63 Lc | હોલ (૧૦૦ વ્યક્તિ માટે) |
| Rs. 30 Lc | વ્યૂવિંગ ગેલેરી |

દાતા શ્રીઓને એમનું દાન એક વર્ષમાં આપવાનું રહેશે.
સંસ્થાને પ્રાપ્ત થયેલ દાનની રકમ ઈન્કમ ટેક્ષ કાયદા કલમ 80G અન્વયે ૫૦ ટકા કરમુક્તિને પાત્ર છે

**વધુ વિગત માટે સંપર્ક**

શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫ • શ્રી હેમંતભાઈ કે. સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯ •  શ્રી દેવેશભાઈ આર. શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય
દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર

* રંગમંડપમાં નામ આપવાના — રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. બે કરોડ સાત લાખ)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.
* ચાર ગભારા ઉપર નામ આપવાના — રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ અપાઈ ગયેલ છે.**

* દહેરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

(૧) ડાયમંડ સ્કીમ - (રત્નમય આધાર સ્થંભ) ૫૪ લાખ
(૨) ગોલ્ડ સ્કીમ - (સુવર્ણ આધાર સ્થંભ) ૨૭ લાખ
(૩) સિલ્વર સ્કીમ - (રજત આધાર સ્થંભ) ૧૧.૭૦ લાખ

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે.

❊ નમ્ર અપિલ ❊

